ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# જેતપુરનો ડાઈંગ ઉદ્યોગ અને પ્રદુષણ

સોંદરવા નયન એમ
અર્થશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનીવર્સિટી રાજકોટ

## સારાંશ

વસ્તીના વધારા સાથે ઉદ્યોગીકરણ પણ વધુ ઝડપી વધી રહ્યું છે. ગામડાના લોકો રોજગારી માટે શહેરોમાં સ્થળાંતર થઇ રહ્યા છે. આથી શહેરીકારણને પણ સારું બળ મળી રહ્યું છે, પણ આ ઉદ્યોગીકરણ અને શહેરીકરણનાં યોગ્ય આયોજનના અભાવે પ્રદુષણના પ્રશ્નો સામે આવ્યા છે. ઉદ્યોગો ચીમની દ્વારા વાતાવરણમાં હવાનું પ્રદુષણ ફેલાવે છે તેમજ કારખાનાના ગંદા વસવાટો, પાણીના નિકાલની અવ્યવસ્થા  કારણે પણ પાણીનું પ્રદુષણ વધી રહ્યું છે. ગંદા પાણીના નિકાલો નદીઓમાં થઈ રહ્યા છે. આ બધાના કારણે અનેક પર્યાવરણીય સમસ્યા સર્જાય રહી છે.

## ચાવી રૂપ શબ્દો

કારખાનાં

ડાઈંગ

પ્રદુષણ

ખાતું

ટેબલ

પાટલી

## પ્રસ્તાવના

૧૯૮૧માં કેન્દ્રીય તથા ૧૪ રાજ્ય પ્રદુષણ બોર્ડ સર્વ અનુસાર દેશમાં ૨૭,૦૦૦ મધ્યમ અને ૧૭૦૦ મોટા ઉદ્યોગો સીધી રીતે જલ પ્રદુષણ કરવા માટે જવાબદાર હતા જયારે માત્ર ૪૬૦  ઉદ્યોગો જ એવા હતા કે જેની પાસે પ્રદુષિત જલને શુદ્ધ કરીને બહાર કાઢવાની વ્યવસ્થા હતી ઉદ્યોગોમા મોટા પાયા પર પાણીનો ઉપયોગ થાય છે તેને તે ગંદા પાણીને  ગટરો અને નીકો વડે નદી નાળામાં ઠાલવવામાં આવે છે. જેમાં અનેક પ્રકારના ઝેરી તત્વો ભળેલા હોય છે. આ જળનો ઉપયોગ  કરવાથી અનેક માનવ ,પશુ ,પંખી ,જળચર અકાલે મૃત્ય પામે છે . જેતપુર જે રીતે ડાઈંગ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે , તે રીતે પ્રદુષણની બાબતમાં પણ ચર્ચાનો

વિષય બન્યો છે. કેટલાક કારખાના પોતાનું ખરાબ પાણી સીધું ભાદરમાં છોડી દે છે. એક સમયે જે ભાદરમાં માછીમારી થતી હતી એ જ ભાદર અત્યારે ગંદા પાણીથી ભરાય ગઈ છે આ ઉપરાંત કારખાનો ધુમાડો ખુલ્લામાં છોડવામાં આવે છે જેનાથી હવાનું પ્રદુષણ વધી રહ્યું છે.

## હેતુઓ

જેતપુરના ડાઈંગ ઉદ્યોગના કારણે થતા પાણીના પ્રદુષણનો અભ્યાસ કરવો.

જેતપુરના ડાઈંગ ઉદ્યોગના કારણે થતા હવાના પ્રદુષણનો અભ્યાસ કરવો.

જેતપુરના ડાઈંગ ઉદ્યોગના કારણે થયેલા પ્રદુષણની અસર તપાસવી.

જેતપુરના ડાઈંગ ઉદ્યોગના કારણે થયેલા પાણી અને હવાના પ્રદુષણને અટકવાના માટેના પગલાનો અભ્યાસ કરવો.

## સાહિત્ય સર્વેક્ષણ

### સુરેશ પરડવા (૨૦૧૦)

પશ્ચિમના ઔદ્યોગિક રાષ્ટ્રોમાં ઉધોગોનું નિરપેક્ષ કદ મોટું હોવાથી પર્યાવરણીય અસરોની ગંભીરતાથી વૃધિમાં તેમનો ફાળો વિશેષ છે. વિકસીત અને વિકસતા દેશોના ઉધોગોના માળખામાં આવતા પરિવર્તનનો સુચવે છે કે ઉદ્યોગોના બદલાતા માળખામાં પરંપરાગત ઉધોગોથી તુલનાએ આધુનિક ઉધોગોનું પ્રમાણ વધે તેમ પર્યાવરણીય અસરો વધુ ગંભીર બને છે. ઉધોગોના બદલાતા માળખામાં રસાયણ ઉધોગનું પ્રમાણ જેમ વધે તેમ પર્યાવરણીય અસરો વધુ ગંભીર બને છે. ઉદ્યોગોના કદ માળખાના ફેરફારો પર્યાવરણીય અસર નિપજાવવા માટે જવાબદાર ગણી શકાય. નાના પાયાના ઉધોગોની પ્રદુષણ સર્જનની ક્ષમતા ઓછી હોય છે . આવા ઉધોગોમાં ટેક્નોલોજીના ફેરફારો કરવાનું સરળ હોય છે. તેમને ઉત્પાદનની વૈજ્ઞાનિક શાખાઓમાં સરળતાથી બદલી શકાય છે. આવા ઉધોગોને ભૌગોલિક રીતે સરળતાથી ખસેડી શકાય છે તેમજ આવા ઉધોગોને બંધ કરવાનું પણ સરળ છે. ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રક્રિયામાં પ્રયોજતી ટેકનોલોજીનું સ્વરૂપ અનેક પર્યાવરણીય અસરો પેદા કરવામાં વધુ જવાબદાર ગણાવી શકાય . જેમ ટેક્નોલોજી વધુ અધતન વધુ સંકુલ તેમ ઉત્પાદનની પ્રથા વધુ મુડીપ્રધાન બને અને આવી ટેક્નોલોજી ઝડપથી કાળગ્રસ્ત થતી હોય તો તેને બદલવાનું મુશ્કેલ બને છે ઉધોગનુ કદ મોટુ હોય કે નાનું ઉત્પાદનની પ્રક્ર્યિા જ એવા પ્રકારની હોય કે જે માનવશ્રમ વધુ પ્રયોજે તેવી હોય અને ઉધોગ પર્યાવરણીય દ્રષ્ટ્રિએ હાનિકારક વસ્તુઓને સાંકળતો હોય તો

માનવશ્રમ તેની ગંભીર અસરોનો સહેલાઈથી ભોગ બની છે.

**"પ્રદુષણ ઓકતા જેતપુરના ૧૨૬ કારખાનાને પ્રાતે નોટિસ ફટકારી" દિવ્યભાસ્કર સમાચાર પત્ર ૧૪/3/૨૦૨૦**

જેતપુરમાં ઘણા કારખાનાઓને કારણે નદી તેમજ ડેમ પ્રદુષિત થયા છે આવા ૧૨૬ કારખાના કે જેને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ક્લોઝર નોટિસ આપી હતી તેની પાસેથી દંડ વસૂલ કરવા માટે પ્રાંત અધિકારીએ કાર્યવાહી શરૂ કરી છે . જીપીસીબીના અધિકારી તુષાર બારમેડાના જણાવ્યા અનુસાર પ્રદૂષણ ફેલાવવા બદલ ૧૨૬ કારખાનાઓને ક્લોઝર નોટિસ અપાઈ હતી . નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ડિસેમ્બરમાં આપેલા ચુકાદામાં આ કારખાનાઓએ પર્યાવરણને જે નુકસાન પહોંચાડ્યું છે તે માટે દંડ કરવાનો હુકમ કર્યો છે . જે સંદર્ભે પ્રાંત અધિકારીએ શો - કોઝ નોટિસ આપી છે અને એન્વાયરમેન્ટ ડેમેજ કમ્પન્સેશન હેઠળ દંડ શા માટે વસૂલ ન કરવો તેનો ખુલાસો માંગ્યો છે . ગોંડલ પ્રાંત અધિકારીએ આ નોટિસનું હિયરિંગ જેતપુર મામલતદાર કચેરીએ રાખ્યું હતું જેમાં વધુ ખુલાસાઓ માટે ૨૪ તારીખ અપાયાનું જાણવા મળ્યું છે . ૧૨૬ કારખાનામાં ધોલાઈ ઘાટ , પ્રિન્ટિંગ પ્રેસ , પ્રોસેસિંગ યુનિટ સહિતના ટેક્સટાઈલ બિઝનેસનો સમાવેશ થાય છે . આ પૈકી અમુક યુનિટોએ એનજીટીમાં અપીલ કરીને ફરીથી પ્રદૂષણ ન કરવા તેમજ હવેથી નિયમ મુજબ કેમિકલનો નિકાલ કરશે તે રજૂઆતો કરતા લાઇસન્સ રિવોક કર્યા છે.

**ડોકટર એમ (૨૦૧૮)**

તેઓ પોતાના લેખમાં જણાવે છે કે કાપડ ઉદ્યોગમાં નિકાસ થતું પ્રદૂષિત પાણી માટે ખૂબ જ ગંભીર નકારાત્મક અસરો પેદા કરે છે વિકાસશીલ દેશોમાં આવા પ્રકારની સમસ્યા મોટા પ્રમાણમાં જોવા મળી રહ આવા પ્રકારના પાણીનું યોગ્ય સંચાલન અને વ્યવસ્થા પણ ન કરવામાં આવે તો આખા વિશ્વ માટે આ એક ખતરનાક બાબત સાબિત થઈ શકે તેમ છે આપણે જાણીએ છીએ કે કાપડ ઉદ્યોગ એ કોઈપણ દેશના વિકાસમાં એક મહત્વનો ફાળો ભજવે છે જે નવી આવકો તેમજ રોજગારીનું સર્જન કરે છે. પરંતુ આ ઉદ્યોગ માટે વપરાતું પ્રદૂષિત પાણી એ એક મોટી સમસ્યા પેદા કરે છે કાપડ ઉદ્યોગ અને રસાયણ ઉદ્યોગ દ્વારા નિકાલ થતું પ્રદૂષિત પાણીએ વિશ્વમાં સૌથી વધારે પ્રમાણમાં પાણીનું પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોમાં ગણવામાં આવે છે આ ઉદ્યોગપાણીનું પ્રદુષણ ઝાડ કે પાણીનું પ્રદૂષણ એ વિશ્વની વસ્તી હતી સમસ્યાઓમાં મૂળ સમસ્યા ગણવામાં આવે છે જેના મૂળ ઉદ્યોગોનો કચરો માનો દ્વારા ફેંકવામાં આવે તો કચરો અને પ્લાસ્ટિક છે તેમાં પણ ઉપયોગી કચરો જ સૌથી વધુ ઝેરી માનવામાં આવે છે કે આપણું પાણી એ ઝેરી રસાયણો રંગોથી અને કેમિકલ ઓથી હોય છે જેમને ખુલ્લામાં છોડવામાં આવે છે, જેથી પ્રથમ તો પાણીની ગુણવત્તા બગડે છે સાથે માટે સૌથી મોટી સમસ્યા ખતરનાક સાબિત જમીન પ્રદુષણ કાપડ ઉદ્યોગનું પાણી જમીન ઉપરના સ્તર અને નીચલા સ્તર એમ બંનેને પ્રદૂષિત કરે છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

## જેતપુરનો ડાઈંગ ઉદ્યોગ અને પ્રદુષણ

જેતપુરના વિકાસમાં ડાઇંગ ઉદ્યોગના મહત્વનો ફાળો રહ્યો છે કાપડના વેપારમાં જેતપુર પહેલેથી જ મોખરે છે ધોરાજી, ઉપલેટા, કુતિયાણા, પોરબંદર, જુનાગઢ વગેરેના લોકો સાડીની ખરીદી માટે જેતપુર આવતા હતા જેતપુરમાં લગભગ 2000થી વધુ નાના-મોટા સાડી અને ડ્રેસના યુનિટો ચાલી રહ્યા છે અને હજારો લોકોને રોજગારી પૂરી પાડી રહ્યું છે. જેતપુરમાં રંગાયેલી સાડીઓ ડ્રેસ અન્ય કાપડનો રંગ પાકો અને ટકાઉ છે. આજે જેતપુરનો આ સાડીની માંગ માત્ર ભારત પૂરતી જ નહીં પણ વિદેશમાં પણ છે. જેતપુરના કિટાંગો, ખાગ, ચૂંટણી પ્રચાર માટેનું કાપડ, ડ્રેસ, ખાસ પ્રકારની બાંધણી અને ધાર્મિક પ્રસંગ માટેનું કાપડ વિદેશમાં જાય છે.પરંતુ આ બધી બાબતો ઉપરાંત આ ઉદ્યોગ પ્રદુષણના કારણે અવાર- નવાર ચર્ચામાં આવે છે.

### પાણીનું પ્રદુષણ

પાણીનું પ્રદુષણ એ જેતપુરના ડાઈંગ ઉદ્યોગની મુખ્ય સમસ્યા છે. ડાઈંગ ઉદ્યોગમાં ખુબ મોટા પ્રમાણમાં પાણીનો ઉપયીગ થાય છે. ઘણા કારખાના એવા છે ત્યાં પાણીના ફિલ્ટરની સુવિધા નથી જેના કારણે બધું ગંદુ પાણી નદી નાલામાં કે પછી ખુલ્લા છોડી દેવામાં આવે છે. ખાસ કરીને મોટા ભાગનું ગંદુ પાણી ભાદર ડેમમાં  છોડી દેવામાં આવે છે આગળ વાત કરી તેમ એક સમય એવોઈ હતો કે જ્યારે ભાદર નદીમાં માંછીમારી થતી હતી હવે ત્યાં આ પ્રવૃત્તિ થતી નથી. કારખાનાના  ગંદા પાણી જમીનમાં એટલા તો  તળ સુધી  ઉતરી ગયા છે કે જેતપુર , નવાગઢ , ધોરાજીમાં દોરૂ , કાળું કે લાલ પાની નીકળે છે. આ ઉપરાંત સાડીના ઘાટ ધોવાવા જાય ત્યારે પણ તેમાંથી અનેક ઝેરી  પદાર્થો વાળું  ગંદુ પાણી જમીનમાં ઉતરે છે. આ પ્રકારનું પ્રદુષણ જન જીવન, જળ જીવન અને ખેતી ક્ષેત્રને વધુ પ્રભાવિત કરે છે. થોડા સમય પહેલા જ સિંચાઇ વિભાગ , રેવન્યુ વિભાગ , જીયોલોજીકલ સર્વે , પીજીવીસીએલ અને જીપીસીબીની ટીમ બનાવીને પોલીસ બંદોબસ્ત સાથે પ્રદુષણ ફેલાવતા ૪૦ જેટલા ધોલાઈ ઘાટો તોડી પાડ્યા અને ૩૪ જેટલા જુદાજુદા યુનીટોની પ્રદુષણ અંગે તપાસ કરવામાં આવી હતી .જેતપુરમાં ઘણા કારખાનાઓને કારણે નદી તેમજ ડેમ પ્રદુષિત થયા છે આવા ૧૨૬ કારખાના કે જેને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ક્લોઝર નોટિસ આપી હતી તેની પાસેથી દંડ વસૂલ કરવા માટે પ્રાંત અધિકારીએ કાર્યવાહી શરૂ કરી હતી . જીપીસીબીના અધિકારી તુષાર બારમેડાના જણાવ્યા અનુસાર પ્રદૂષણ ફેલાવવા બદલ ૧૨૬ કારખાનાઓને ક્લોઝર નોટિસ અપાઈ હતી.

**હવાનું પ્રદુષણ**

શુદ્ધ હવા એ માનવ, પ્રાણીઓ , પક્ષીઓ, જીવજંતુ એમ બધા જરૂરી છે પરતું ઔદ્યોગિકરણ પાછળની દોળને કારણે કારખાના, ઉદ્યોગો અને તેની સાથે જોડાયેલા વાહનવ્યવહારે મોટા પ્રમાણમાં હવાનું પ્રદુષણ ફેલાવ્યું છે. જેતપુરના ડાઈંગ ઉદ્યોગના લીધે પાણીનું પ્રદુષણ તો થાય જ છે સાથે સાથે હવાનું પ્રદુષણ પણ થયું છે. ડાઈંગ ઉદ્યોગમાં છાપકામ માટે બે પ્રકારના ખાતા જોવા મળે છે એક ગરમ ખાતું અને બીજું ઠંડુ ખાતું જેમાં ગરમ ખાતામાં ખાસ કરીને વધુ બોયલર (ચીમની)નો ઉપયોગ થાય છે. જે વધુ પ્રમાણમાં ધુમાડો ઓકે છે અને અનેક આરોગ્ય સબંધી સમસ્યાઓ સર્જે છે.

**જમીનનું પ્રદુષણ**

શહેરીકરણ અને ઉદ્યોગીકરણ લીધે ગંદા વસવાટો , ગંદગી ,સાંકળ, પાણીના નિકાસની અપૂરતી સુવિધા આ બધાનાં લીધે જમીનનું પ્રદુષણ અસ્તિવમાં આવે છે. જેતપુર એ ડાઈંગ અને પ્રિન્ટીંગનું હબ માનવામાં આવે છે, દિવસે ને દિવસે કારખાનાનું પ્રમાણ વધતું થાય છે જેના કારણે જમીનનું ભારણ પણ વધી રહ્યું છે. વધી કારખાનાનું ગંદુ પાણી ખુલ્લામાં મુખવામાં આવે તે જમીનમાં ઉતરેછે અને જમીનની ગુણવતામાં કરે છે એક સમયએ જ્યાં લીલા ખેતરો હતા તેનું સ્થાન હવે કારખાનાએ લહી લીધું છે. કેટલીક કેમિકલ્સ યુક્ત કચરો જનીમ પર ફેંકી દેવામાં આવે છે. જે પણ જમીનને દુષિત કરે છે.

**પ્રદુષણ અટકાવવા માટેના અલગ -અલગ પગલાંઓ**

(૧) જેતપુર નજીક ભાટગામ ખાતે એક મોટો પાણી ફિલ્ટર પ્લાન્ટ કરું કરવામાં આવ્યો છે.

(૨) જે કારખાના પાણી ફિલ્ટરની સુવિધા નથી તેની સામે કડક પગલા

(3) ૧૯૭૮માં જયારે પ્રજાકીય આંદોલન થયું ત્યારે ૧૯૭૯માં સરકારે ધોરાજીથી ૧૪ કિ.મી દૂર આવેલ ફોફળ નદીના બંધથી પાઈપલાઈન દ્વારા પાણી લાવવાની રૂ.૬૫ લાખની યોજના મંજૂર કરી હતી .

(૪) પ્રદુષિત પાણીના નિકાલ માટે ફેબ્રુઆરી ૧૯૮૯માં 'અંડર ગ્રાઉન્ડ વોટર' પ્લાન્ટ તૈયાર કરવામાં આવેલ પણ હજુ સુધી એનો અમલ થયો નથી

(૫) એસોસિયેશન માને છે કે પ્રદુષિત પાણીના નિકાલની જવાબદારી નગરપાલિકા અને રાજ્ય સરકારની છે . જેતપુરના સાડી ઉદ્યોગ દ્વારા રાજ્ય તથા કેન્દ્ર સરકાર કર સ્વરુપે વેચાણવેરો, આવકવેરો તથા સેન્ટ્રલ એકસાઈઝરૂપે મેળવે છે . આ પ્રશ્નના ઉકેલ માટે નગરપાલિકા , રાજ્ય સરકાર કે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તત્પર નથી .જો કે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ પ્રશ્નના ઉકેલ માટે ટ્રાસ્કફોર્સ કમિટિની રચના કરી છે . આ કમિટિએ અનેક વખત જેતપુરની મુલાકાત લઈને કેટલાક ટકા અને લાંબાગાળાના પગલાઓ પણ સુચવ્યા છે . અને નવા બની રહેલા કારખાનાઓને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ મંજૂરી આપતું નથી .

(૬) જેતપુરના પ્રદુષણની અસર ધોરાજીપર પણ જોવા મળે છે . તેથી રાજ્ય સરકારને ધોરાજીના લોકોએ આ સમસ્યા ઉકેલવા રજૂઆત કરી હતી . પરંતુ કોઈ કાર્યવાહી ન થતા હાઈકોર્ટમાં અરજી થઈ તપાસ હાથ ધરવામાં આવી આમ છતા તેના યોગ્ય પરિણામ ન આવ્યા

(૮) હાઈકોર્ટે ઠરાવ્યું કે જેતપુરના તમામ સાડીના કારખાના બંધ કરવા તથા જયાંથી ગંદુ પાણી ભાદરમાં ઠલવાતું તે બધા ઘાટ તોડી નાખવા , જે ઉદ્યોગપતિઓ પોતાના ઉદ્યોગો ચાલુ કરવા માંગતા હોય તેણે પાણી શુદ્ધ કરવાના પ્લાન્ટ થી જોડાયેલ હોય તેવા સર્વે નંબરની જમીનમાં ઘાટ બાંધવા અને ફરીથી એન ઓ . સી . સર્ટીફીકેટ લેવું.

(૮) અટીરા સંસ્થા અને રાજય સરકારની બાંહેધરી ઉપર ઉપરોક્ત શરતો પાળ વાની બાંહેધરી આપનાર ૮૦૦ કારખાનાઓને ચાલુ કરવાની જિલ્લા કલેક્ટરે મંજૂરી આપી હતી. પરંતુ મોટાભાગના કારખાનેદારો આ શરતો પાળતા નથી .

(૯) નેધરલેન્ડ સરકાર અને અમદાવાદની અટીસ સંસ્થાએ ડાઉન સ્ટ્રીટમાં પ્લાન્ટ બનાવવા માટે ૧૨ કરોડ આપવાની તૈયારી દાખવી હતી . શરૂઆતમાં ભાદર નદીમાં ડાઉન સ્ટ્રીમમાં બે - ત્રણ ચેકડેમ બનાવી દુષિત પાણી રોકી ત્યાં જ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવી પાણીની ટ્રીટમેન્ટ કરવી એમ જણાવ્યું હતું . આ ઉપરાંત કારખાનામાં દુષિત પાણીની માત્રા ઘટે , ડાઈગ ઓછી વાપરવી પડે એ માટેના ઉપાયો સૂચવ્યા હતા અને આ પ્રોજેકટને ડચ પ્રોજેકટ નામ આપવામાં આવ્યું હતુ

## માહિતી એકત્રીકરણની રીતો

### પ્રાથમિક માહિતી

પ્રાથમિક સ્રોત એ પ્રત્યક્ષ અહેવાલમાં દર્શાવાતા સ્રોતો છે કે જે સંશોધન કાર્ય જેણે કર્યું છે તેમના દ્વારા જ લખાયેલી છે. પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી પદ્ધતિ અને રૂબરૂ મુલાકાત દ્વારા મેળવવામાં આવશે જે સંશોધક નમુનાના પાત્ર પાસેથી રૂબરૂ મેળવશે.

### ગૌણ માહિતી

ગૌણ સંદર્ભ સ્રોતો એટલે એવા સ્રોતો કે જેનું લખાણ સંશોધનકર્તાએ લખ્યું નથી હોતું પરંતુ તેનો ઉપયોગ કરીને બીજા કોઈ લેખકોએ માહિતી **તૈયાર કરી હોય છે. ગૌણ સંદર્ભોમાં પ્રાથમિક સંદર્ભોની જેમ મૂળ માહિતી** પ્રત્યક્ષ જોઈ શકાતી નથી પરંતુ તેનો સાર કે સંક્ષિપ્ત માત્ર પ્રાપ્ત થાય છે. ગૌણ સંદર્ભ સ્રોતોમાં રિસર્ચ જર્નલ્સ, રિસર્ચ રિપોર્ટસ, વિદ્વવતાપૂર્ણ પુસ્તકો અને તેમજ લઘુશોધ નિબંધ અને મહાશોધ નિબંધનો અભ્યાસ કરવામાં આક્વ્ત હોય છે. આ સંશોધન ગૌણ માહિતી પર આધારિત છે.

### તારણ

દેશના ડાઈંગ ઉદ્યોગના વિકસના જેતપુરમાં ડાઈંગ ઉદ્યોગનો મહત્વનો ફાળો રહેલો છે પણ અને કારણે પર્યાવરણન ઉપર માંથી અસરો પણ થઈ છે. આજ ના યુગમાં જ્યારે ટકવ વિકાસની વાત થાઈ રહી છે ત્યારે આવા પ્કકર્નિ સમસ્યા અનો મોટો અવરોધક બને છે જો આ દિશામાં યોગ્ય આયોજન અને તનું અમલીકરણ થાય તો જેતપુરનો ડાઈંગ ઉદ્યોગના વિશ્વ ડંકો વગાડી સડકે છે આ વાતમાં કિસ શંકા નથી.

## સંધર્ભ સૂચી

પટેલ. આર .(૨૦૦૯). *“સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર” :* જય પ્રકાશન અમદાવાદ, ગુજરાત

વ્યાસ સોનલ.(૨૦૧૧). *“ડાઈંગ અને પ્રિન્ટીંગ ઉદ્યોગને કારણે સર્જાયેલી જળ-પ્રદૂષણની સમસ્યા-જેતપુરના સંદર્ભે”* : સૌરાસ્ટ્ર યુનિવર્સિટિ રાજકોટ, ગુજરાત

દવે સંજય. (૨૦૧૮). *“જેતપુર શહેરના સાડી ઉદ્યોગનો વિકાસ ,પ્રશ્નો ,અને ભાવિ અંગેનું આર્થિક વિશ્લેષણ:* સૌરાસ્ટ્ર યુનિવર્સિટિ રાજકોટ, ગુજરાત

પરમાર બી.(૨૦૧૩). *“વિકાસ અને પર્યાવરણનું અર્થશાસ્ત્ર ભાગ ૨ “* સી. જમનાદાસની કંપની અમદાવાદ, ગુજરાત

પરડવા.એસ.(૨૦૧૦) *"પર્યાવરણનુ અર્થશાસ્ત્ર"* : શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી કચ્છ, ગુજરાત

*"જેતપુરમાં જળ પ્રદુષણ ફેલાવતા ઉદ્યોગો સામેની કાર્યવાહી"* ગુજરાત સમાચાર પત્ર ૨૯/૨/૨૦૨૦

*"પ્રદુષણ ઓકતા જેતપુરના ૧૨૬ કારખાનાને પ્રાતે નોટિસ ફટકારી"* દિવ્યભાસ્કર સમાચાર પત્ર ૧૪/3/૨૦૨૦